નિર્માણાધીન બિલ્ડિંગની લિફ્ટ તૂટતાં સાત મજૂરનાં મોત

જૂની પાસપોર્ટ ઓફિસ સામે બની રહેલા એસ્પાયર-૨ નામના બિલ્ડિંગમાં આ દુર્ઘટના બની, સાઈટના માલિકોએ ફાયરબ્રિગેડ કે પોલીસને ન બોલાવી

અમદાવાદ, તા.૧૪

શહેરના પાંજરાપોળ-યુનિવર્સિટી રોડ પર બની રહેલા એસ્પાયર-૨ નામના એક બિલ્ડિંગમાં લિફ્ટ તૂટતા સાત મજૂરોના મોત થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જૂની પાસપોર્ટ ઓફિસ સામે બની રહેલા એસ્પાયર ૨ નામના બિલ્ડિંગમાં આ દુર્ઘટના બની હતી. આ ઘટનામાં એક મજૂર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. સાતમા માળે તૂટેલી લિફ્ટ નીચે પટકાતા એટલો પ્રચંડ ધડાકો સંભળાયો હતો કે આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલ પોલીસે ઘટનાસ્થળ પર પહોંચીને આ મામલે તપાસ હાથ ધરી છે.

ચોંકાવનારી વાત એ છે કે, આ મામલે ફાયરબ્રિગેડને કોઈ કોલ નહોતો કરવામાં આવ્યો. ઘટનાસ્થળે પહોંચેલા ફાયરબ્રિગેડના એક અધિકારીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે તેઓ પણ ટીવીમાં સમાચાર જોયા બાદ સ્થળ તપાસ કરવા માટે આવ્યા છે. મૃત્યુ પામનાર શ્રમિકોઃ સંજયભાઈ બાબુભાઈ નાયક, ઉમર ૨૦ વર્ષ, જગદીશભાઈ રમેશભાઈ નાયક, ઉંમર ૨૧ વર્ષ, અશ્વિનભાઈ સોમાભાઈ નાયક , ઉમર ૨૦ વર્ષ, મુકેશ ભરતભાઈ નાયક , ઉમર ૨૫ વર્ષ, મુકેશભાઈ ભરતભાઈ નાયક, ઉમર ૨૫ વર્ષ, રાજમલ સુરેશભાઈ ખરાડી, ઉમંર ૨૫ વર્ષ,પંકજભાઈ શંકરભાઈ ખરાડી, ઉમર ૨૧ વર્ષ. કન્સ્ટ્રક્શન સાઈડના માલિકોએ ઘટનાનો છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોઈ શકે તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આટલી મોટી ઘટના બન્યા છતા પણ ફાયર બ્રિગેડ કે પોલીસને બોલાવવામાં આવી ન હતી. ચીફ ફાયર ઓફિસરે કહ્યું કે, અમે પણ મીડિયામાં સમાચાર જોઈને જ અહી આવ્યા છીએ, અમને આ બાબતે કોઈ સૂચના ન હતી. આ દુર્ઘટના અનેક મોટા સવાલ ઉભા કરી રહ્યાં છે કે કેમ ઘટનાના ત્રણ કલાક સુધી કાર્યવાહી કરવામાં ન આવી. આખરે કેમ કન્સ્ટ્રક્શન સાઈડના બિલ્ડરોએ ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ કર્યો. આખરે ઘટના પાછળ કોની બેદરકારી છે, જેના કારણે ૭ શ્રમિકો મોતને ભેટ્યા. આ ઘટના સમયે કન્સ્ટ્રક્શન સાઈડ પર હાજર એક મજૂરે કહ્યું કે, અહીં કુલ ૧૦ મજૂરો કામ કરતા હતા. અમને અકસ્માતની જાણ થતા જ અમે દોડી આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.

સુરેન્દ્રનગરમાં વીજળી પડતા ૧૦ ગાયનાં મોત

મોત બનીને ત્રાટકી આકાશી વીજળી : ખારવા ગામના સિંધવ હરેશભાઇ પોપટભાઇ નામના પશુપાલકની ૧૦ ગાયો પર વીજળી પડતા તમામનાં મોત થયા હતા

સુરેન્દ્રનગર,તા.૧૪

હાલ રાજયમાં વરસાદનો વધુ એક રાઉન્ડ જામ્યો છે. સામાન્ય રીતે ભાદરવાના વરસાદમાં વીજળીના કડાકાને ભડાકા થતા હોય છે. એ જ રીતે રાજયમાં દરરોજ વીજળી પડવાને કારણે જાનહાનીની સમચાર મળી રહ્યા છે. બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લામાં આકાશી વીજળી ત્રાટકતા ૧૦ અબોલ પશુનાં મોત થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. વઢવાણના ખારવા ગામે વીજળી પડતા ૧૦ પશુનાં મોત થયા છે. અહીં મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આ દરમિયાન વીજળીના કડાકા-ભડાકા થયા હતા, જેમાં ૧૦ પશુનાં મોત થયા હતા. ખારવા ગામના સિંધવ હરેશભાઈ પોપટભાઈ નામના પશુપાલકની ૧૦ ગાયો પર વીજળી પડતા તમામનાં મોત થયા હતા. આ વર્ષે જિલ્લામાં વીજળી પડવાના બનાવોમાં સતત વધારો નોંધાયો છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદ પડવાને લઈને અમાદવાદ હવામાન વિભાગના નિયામક મનોરમા મોહંતીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્રના દરિયાઇ જિલ્લા તથા દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદ તથા કેટલાક જિલ્લાઓમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. જે મુજબ આગામી તા.૧૫/૦૯/૨૦૨૨ના રોજ દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. મંગળવારે સિંચાઈ વિભાગના અધિકારીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, સરદાર સરોવર જળાશયમાં ૩૨૪૩૭૫ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ છે. જે કુલ સંગ્રહ શકિતના ૯૭.૧૦% છે. રાજયનાં ૨૦૬ જળાશયોમાં ૪૭૬૨૩૫ એમ.સી.એફ.ટી. પાણીનો સંગ્રહ છે, જે કુલ સંગ્રહ શકિતના ૮૫.૩૨% છે. હાલમાં રાજ્યમાં ૧૧૭ જળાશય હાઇ એલર્ટ પર, ૧૬ જળાશય એલર્ટ પર તેમજ ૧૭ જળાશય વોર્નીંગ ઉપર છે. રાજયમાં હાલ દ્રઢઈહ્લની આઠ ટીમો ડીપ્લોય કરાઈ છે, જેમાં ભરૂચ-૧, ભાવનગર-૧, ગીર સોમનાથ-૧, કચ્છ-૧, નર્મદા-૧, નવસારી-૧, રાજકોટ-૧, સુરત-૧ એનડીઆરએફની ટીમ તૈનાત છે. ઉપરાંત ગાંધીનગરમાં ૨ અને વડોદરામાં ૫ એમ કુલ-૦૭ ટીમો રીઝર્વ રખાઈ છે.

નર્મદા ડેમ છલોછલ થવામાં થોડા જ સેન્ટિમીટર બાકી

નર્મદા,તા.૧૪

ગુજરાતીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ઓવરફ્લો થવાની તૈયારીમાં છે. આજે નર્મદા ડેમની જળ સપાટી ૧૩૮ મીટરે પહોંચી છે. નર્મદા ડેમ સંપૂર્ણપણે ભરવવામાં માત્ર ૬૮ સેન્ટિમીટર જ બાકી છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮મીટર છે. હાલમાં ડેમમાં ૧,૨૬,૫૧૯ ક્યુસેક પાણીની આવક થઈ છે. આ સાથે બે દરવાજા મારફતે ૫૦૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. હાલમાં સરદાર સરોવર ડેમમાં કુલ ૧,૨૬,૫૧૯ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. તેની સામે ૨ દરવાજામાંથી ૫૦૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. આ સાથે જ રિવરબેડ પાવરહાઉસ ૪૨,૭૬૬ ક્યુસેક તથા કેનાલ હેડ પાવરહાઉસમાંથી ૧૭,૪૧૪ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

આમ કુલ ૬૫,૧૮૦ ક્યુસેક પાણીની જાવક થઇ રહી છે. આગામી થોડા કલાકોમાં જ ડેમ સંપૂર્ણ ભરાઈને તેની મહત્તમ સપાટી વટાવી શકે છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નર્મદાના વધામણા કરવા કેવડિયા આવે તે પ્રકારનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

ભક્તો પણ હવે પાવાગઢ મંદિર પર ધજા ચઢાવી શકશે

ટ્રસ્ટનો મહત્વપૂર્ણ નિર્ણય : ધ્વજા ચઢાવવા માટે દક્ષિણાની રકમ જાહેર કરાઈ

પાવાગઢ, તા.૧૪

સદીઓ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે પાવાગઢ નિજ મંદિર પર ધ્વજારોહણ કરાયુ હતું. ત્યારે હવે ભક્તો પણ નવરાત્રિમાં પાવાગઢ મંદિર પર ધજા ચઢાવી શકો છે. આ માટે મંદિર ટ્રસ્ટે મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં હવે માઈભક્તો દક્ષિણા આપીને મંદિર પર ધજા ચઢાવી શકે છે. આ માટે દક્ષિણાના અલગ અલગ ચાર્જ રાખવામાં આવ્યા છે, જે ધજાની અલગ અલગ સાઈઝ મુજબ રાખવામાં આવ્યા છે. હવે મહાકાળીનું મંદિર જીર્ણોદ્વાર બાદ ભક્તોની સંખ્યા વધી ગઈ છે. તેથી શ્રી કાલિકા માતાજીના ટ્રસ્ટ દ્વારા ભક્તોને ધજા ચઢવવાની સુવિધા આપવાનો નિર્ણય સર્વાનુમતે લેવાયો છે. માઈ ભક્તો હવે દક્ષિણા ચૂકવીને આવનારી આસો નવરાત્રિ દરમિયાન પાવાગઢ મંદિર પર ધજા ચઢાવી શકશે. આ માટે મંદિર ટ્રસ્ટે દક્ષિણાની રકમ પણ જાહેર કરી છે. અલગ સાઈઝની ધજા માટે મંદિર ટ્રસ્ટે દક્ષિણા જાહેર કરી છે. માઈ ભક્તો ૧૧ ફૂટથી લઈને ૫૧ ફૂટની ધજા માટે દક્ષિણા જાહેર કરાઈ છે. ભક્તો હવે દક્ષિણા આપી પોતાની મરજી મુજબની ધજા પાવાગઢ મંદિર પર ચડાવી શકશે. ભક્તોમાં ધજારોહણને લઈ મંદિર ટ્રસ્ટ દ્વારા ગાઈડલાઈન જાહેર કરાઈ છે. ધજારોહણ માટે ભક્તોએ દક્ષિણા ચૂકવવી પડશે.

- ૧૧ ફૂટની ધજા માટે ૩૧૦૦ રૂપિયા દક્ષિણા
- ૨૧ ફૂટની ધજા માટે ૪૧૦૦ રૂપિયા દક્ષિણા
- ૩૧ ફૂટની ધજા માટે ૫૧૦૦ રૂપિયા દક્ષિણા
- ૪૧ ફૂટની ધજા માટે ૬,૧૦૦ રૂપિયા દક્ષિણા
- ૫૧ ફૂટની ધજા માટે ૧૧૦૦૦ રૂપિયા દક્ષિણા

૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨થી શરૂ થતી આસો નવરાત્રીના પહેલા દિવસથી તેનો અમલ કરવામાં આવશે. જે માઈ ભક્તો મંદિરના શિખર ઉપર ધજા ચડાવવા માંગતા હોય તે યજમાન ભક્તોને મંદિર તરફથી ધજા અને પ્રસાદી, પૂજાપો, ધૂપ આપવામાં આવશે. મંદિરમાં પૂજા કરાવવામાં આવશે અને મંદિર દ્વારા ધજાજીને શિખર ઉપર ચડાવવામાં આવશે. આ ધજા લાલ કલરની અને શ્રી કાલિકા માતાજીના લખાણવાળી હશે. મંદિર ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવાયો કે, મંદિર ટ્રસ્ટ દ્વારા નવરાત્રિના ૯ દિવસ દરમિયાન રોજ ૫ ધજા ચઢાવાશે.

આ સાથે જ જે માઈભક્તે ધજા ચઢાવી હોય તે બાદમાં ધજા પોતાના ઘરે પણ લઈ જઈ શકશે. તેમજ ધજા રાખવા માટેના પણ કેટલાક નિયમો રાખવામા આવ્યા છે. જેમ કે, ધજા ચઢાવનાર યજમાને સાત દિવસ માંસાહારનો ત્યાગ કરવો પડશે. સાથે જ પગપાળા આવતા સંઘોએ ધજા મંદિર પાસેથી જ લેવાની રહેશે.

કલોલનું દંપતી મલેશિયાના ફેક પાસપોર્ટ સાથે ઝડપાયું

ગેરકાયદેસર રીતે વિદેશ જનારાના નવા ખેલ : બોરીસણાના અમેરિકા જવા નિકળેલા દંપતીને અઝરબૈજાનથી ડિપોર્ટ કરવામાં આવ્યા, મસ્કતથી દિલ્હી પહોંચતા ધરપકડ

અમદાવાદ, તા.૧૪

કલોલ તાલુકાના બોરીસણા ગામનું એક દંપતી મલેશિયાના ફેક પાસપોર્ટ સાથે ઝડપાયું છે. સૂત્રોનું માનીએ તો, નિલેશ પટેલ અને તેમના પત્ની મનીષા પટેલ અમેરિકા જવા નીકળ્યાં હતાં. જોકે, તેમની પાસે રહેલો મલેશિયન પાસપોર્ટ ફેક હોવાનું પકડાતા તેમને અઝરબૈઝાનથી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. ૧૧ સપ્ટેમ્બરેતેઓ અઝરબૈઝાનથી મસ્કત અને ત્યાંથી દિલ્હી આવેલી ફ્લાઈટમાં દિલ્હી પહોંચ્યા હતા જ્યાં એરપોર્ટ પર તેમની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, આ દંપતી ૨૧ જુલાઈના રોજ ભારતીય પાસપોર્ટ અને ટુરિસ્ટ વિઝા પર મુંબઈથી દુબઈ પહોંચ્યું હતું. દુબઈ પહોંચ્યા બાદ વાયા મસ્કતથી તેમણે અઝરબૈઝાનના બાકુ જવા ફ્લાઈટ પકડી હતી. આ ટ્રીપ પણ તેમણે ભારતીય પાસપોર્ટ પર જ કરી હતી. જોકે, બાકુ પહોંચ્યા બાદ તેમણે એન્ટ્રી માટે પોતાનો ફેક મલેશિયન પાસપોર્ટ રજૂ કર્યો હતો. દિલ્હી એરપોર્ટના એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, બાકુ ઈમિગ્રેશન ઓથોરિટીએ બંનેને કોઈ પાસપોર્ટ વિના મસ્કત મોકલી દીધા હતા. તેમની પાસે કોઈ પાસપોર્ટ ના હોવાથી ઈમરજન્સી સર્ટિફિકેટ ઈશ્યૂ કરાયું હતું, જેના પર તેઓ મસ્કતથી નવી દિલ્હી આવ્યા હતા.

સીઆઈડી ક્રાઈમના એક અધિકારીના જણાવ્યા અનુસાર, પોતાના ઈન્ડિયન પાસપોર્ટને છોડીને આ કપલે ગેરકાયદે રીતે મલેશિયાનો પાસપોર્ટ મેળવ્યો હતો, જેના પર તેમના અસલી નામ લખેલા હતા. આ પાસપોર્ટ પર તેઓ અઝરબૈઝાનથી અમેરિકા જવા માગતા હતા. બાકુની ફ્લાઈટ પકડતા પહેલા તેમણે ભારતીય પાસપોર્ટનો નાશ કર્યો હતો. શક્ય છે કે તેઓ બાકુથી તુર્કી જવાના હતા અને ત્યાંથી મેક્સિકો પહોંચી બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસવાના હતા. નિલેશ અને મનીષાની સામે હાલ ઠગાઈ, બનાવટ, નકલી દસ્તાવેજને અસલ તરીકે રજૂ કરવા ઉપરાંત પાસપોર્ટ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર જોવા મળતા કચરાના ઢગની સામે મનપા સ્માર્ટસીટીના બણગા ફુંકી રહી છે. સ્માર્ટસીટી બનવા માટેની પહેલી શરત સ્વચ્છતાનું પાલન શહેરમાં ભાગ્યે જ થાય છે. સેક્ટર-૬માં અપનાબજારની પાસે કચરાનો ઢગલો જોવા મળે છે. જેમાં રખડતી ગાયોએ અડીંગો જમાવ્યો છે.

કપાસિયા અને પામતેલમાં પણ ૧૦-૧૦નો વધારો ઝીંકાયો

રાજકોટ,તા.૧૪

મોંઘવારીએ માઝા મૂકી છે. ત્યારે ખાદ્યતેલના ભાવમાં ફરી એકવખત ભાવ વધારો કરવામાં આવ્યો છે. સિંગતેલમાં રૂ. ૨૦નો વધારો થયો છે. સિંગતેલના ડબ્બાનો ભાવ ૨૯૦૦ રૂપિયા થયો છે. કપાસિયા અને પામતેલમાં પણ રૂ. ૧૦-૧૦નો વધારો ઝીંકાયો છે. ઘણા સમયથી ખાદ્યતેલમાં સતત ભાવ વધારાને કારણે ગૃહિણીઓની કમર તોડી નાખી છે. અસહ્ય ભાવ વધારાને કારણે લોકોના જીવન શૈલી પર પણ અસર પડી છે. ખાદ્ય તેલના ભાવમાં ભડકો થતા સામાન્ય વર્ગ ચિંતામાં મુકાયો છે. ફરી એક વખત સીંગતેલના ભાવ વધ્યા છે. સિંગતેલમાં ૨૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. ભાવ વધારાની સાથે જ સિંગતેલનો ડબ્બો ૨૯૦૦ રૂપિયા પર પહોંચી ગયો છે. જ્યારે કપાસિયા અને પામતેલમાં પણ ૧૦થી ૨૦ રૂપિયાનો વધારો કરાયો છે. સતત વધતા ભાવને કારણે લોકોનું બજેટ ખોરવાઈ રહ્યું છે.

લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

પછી આપણે ઘણા શબ્દોના અર્થ ભૂલી ગયા છીએ. શાળા શબ્દમાં બે લોકો સમાયા છે, બાળકો અને શિક્ષક... સરકાર અને સમાજ મોટેભાગે ગાયબ જ જણાય છે. 'ભા' એટલે જ્ઞાન- 'જ્ઞાનરત' ઋષિઓના દેશમાં આજે શિક્ષણ બહુ મોટો ઉદ્યોગ સાબિત થયો છે. હવે 'વિદ્યાર્થી' તો ગ્રાહકના રૂપમાં મૂલવાય છે! અરે, પૂજનીય કે માનનીય લેખાતા શિક્ષકને એક કામદાર તરીકે જોવામાં આવે ત્યારે માનવીય વલણો કે નૈતિકતા વિશે શી અપેક્ષા રાખી શકાય? પોતાનું શ્રેષ્ઠ આપવા માટે વચનબદ્ધ એવા શિક્ષક પાસે શિક્ષણ સિવાયના જે વૈતરા કરાવવામાં આવે ત્યારે રાષ્ટ્ર નિર્માણની કોઈ આશા ખરી?! રાષ્ટ્રનિર્માતાની વેદના સમાજ અને રાષ્ટ્ર ક્યારે સમજશે?

ખેર, એક શિક્ષક તરીકે આપણે આપણું ઉત્તરદાયિત્વ અને તેની જવાબદારીઓ સમજીએ અને સ્વીકારીએ. સૌ સાથે મળી તંદુરસ્ત શિક્ષણ પ્રણાલી ઉભી કરીએ સામાન્ય દુષ્કૃત્યો માફ કરી દઈએ. બદલાતા જતા હવામાન જેવા શિક્ષણ પ્રવાહો સામે મોં વકાસી થોડું બેસી રહેવાય?

સ્પર્શમણિ :

જે વર્તમાનને ન્યાય આપી શકતો નથી તે ભવિષ્યને અન્યાય કરે છે

● ● ●

શિક્ષકે જીવ નથી આપવાનો જીવ રેડવાનો છે.

- rasikvaland1965@gmail.com
99134 26949

હજીરા ખાતે ફ્રૂભકોના બાયો ઈથેનોલ પ્લાન્ટનું ખાતમુહૂર્ત

ફ્રૂભકોનો પ્લાન્ટ ખેડૂતોના જીવનમાં નવું પ્રકાશનું કિરણ બનશે

સુરત,તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતા રાજ્યમાં રાષ્ટ્રીય નેતાઓના આંટાફેરા અને મુલાકાતો વધી ગઈ છે. ત્યારે ફરીવાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સુરતના હજીરા ખાતે ફ્રૂભકોના બાયો ઈથેનોલ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું છે.

આ તકે કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું કે, આ પ્લાન્ટના નિર્માણ બાદ દૈનિક ૨.૫૦ હજાર લીટર પ્રતિદિન બાયો ઈથેનોલનું ઉત્પાદન થશે. ગુજરાતમાં ૯ જિલ્લામાં ખેડૂતો મકાઈ વાવીને આજીવિકા મેળવે છે, ૢ્રઈંમ્ઝૅંઝૅંના બાયો ઈથેનોલ પ્લાન્ટના નિર્માણ બાદ મકાઈના પાકના સારા ભાવ મળશે. જે મકાઈ ખાવાના કામમાં આવે છે તેનાથી પણ ઈથેનોલ પણ બનશે, આ ઉપરાંત ખરાબ મકાઈ જે આજે ફેંકી દેવામાં આવે છે. તે મકાઈ પણ ઈંધણ બનાવવામાં ઉપયોગમાં લેવાશે. વેસ્ટજ મકાઈ પ્લાન્ટમાં ઈંધણ બનાવીને દેશના અર્થતંત્રને ફાયદો થશે. ક્રિભકોનો પ્લાન્ટ ખેડૂતોના જીવનમાં નવું પ્રકાશનું કિરણ બનશે. અનેક રીતે ખેડૂતોને ફાયદો કરાવનારો પ્રોજેક્ટ ક્રિભકોએ શરૂ કર્યો છે

તેઓએ જણાવ્યું કે, આ પ્લાન્ટથી સીધો ફાયદો ખેડૂતોને થશે. વેસ્ટજ મકાઈ પ્લાન્ટમાં ઈંધણ બનાવીને દેશના અર્થતંત્રને ફાયદો થશે. ક્રિભકોનો પ્લાન્ટ ખેડૂતોના જીવનમાં નવું પ્રકાશનું કિરણ બનશે. પેટ્રોલ અને ડીઝલનો વિકલ્પ હવે ઈથેનોલ બનશે. આપને જણાવી દઈએ કે, ૢ્રઈંમ્ઝૅંઝૅંના બાયો ઈથેનોલ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી હિન્દી દિવસના કાર્યક્રમમાં હાજરી આપવા રવાના થયા હતા.

કિલ્લેબંધી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગેટ પરથી પ્રવેશ અટકાવવા માટે પોલીસનો કાફલો ગોઠવી દેવાયો છે. છેલ્લા ઘણા દિવસોથી આંદોલનકારીઓએ ગાંધીનગર પોલીસને હંફાવી દેતા આસપાસના જિલ્લાઓમાંથી પોલીસની વધારાની ટૂકડીઓને ગાંધીનગર બોલાવી લઈ બંદોબસ્તમાં ગોઠવી દેવાયો છે. સચિવાલયમાં કામ કરતા કર્મચારીઓને અન્ય માર્ગે પ્રવેશ અપાઈ રહ્યો છે. આગામી દિવસોમાં આંદોલનો વધુ તીવ્ર બને તેવી પુરેપુરી શક્યતાઓ હોઈ સરકારે વધારાના બંદબોસ્ત માટે પુરી તૈયારીઓ કરી લીધી છે.

શાળા સંકુલો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયમનુસાર તેમજ પધ્ધિતસરની કાર્યવાહી હાથ ધરવા માટે તેમજ તે અંગેનો રીપોર્ટ પણ સુપ્રત કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને આદેશ કર્યો છે. આવા સંજોગોમાં ગાંધીનગર શહેર તેમજ જિલ્લાઓમાં પણ શાળાએ જતા વિદ્યાર્થીઓમાં તમાકુનુ વ્યસન હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. જેને અનુલક્ષીને આ મામલે સદંતર અભિયાન હાથ ધરવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. એકબાજુ તમાકુ અને સિગારેટના પેકેટ પર ચેતવણી સાથે રોગો સંબંધિત ફોટોગ્રાફસ પણ દર્શાવામાં આવે છે. જો કે આ મામલે ભુતકાળમાં થયેલી તપાસ દરમિયાન કેટલાક શિક્ષકો પણ વ્યસન કરતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. વર્ષ ૨૦૧૯ દરમિયાન હાથ ધરાયેલા સર્વેના અંતે શાળાએ જતા વિદ્યાર્થીઓ પૈકી ૧૩ થી ૧૫ વર્ષના ૮.૫ ટકા બાળકો એક યા બીજી રીતે તમાકુના આદી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જો કે જનજાગૃતિ અભિયાન અને કડક કાર્યવાહીના અંતે આ ટકાવારી ઘટી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે વિદ્યાર્થિનીઓમાં પણ વ્યસનનુ પ્રમાણ વધી રહ્યુ હોવાની ચોંકાવનારી વિગતો ધ્યાને આવતા વધુ સજાગતા કેળવવાનુ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

નવા ૬ કેસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દી અને ૬૦થી વધુ વય ધરાવતા એક દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓ લોકલ ટ્રાન્સમીશનથી સંક્રમિત થયા છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં જ આ કેસો નોંધાયા છે. શહેરના સે. ૪, ૭, ૯ અને ૧૯માંથી આ કેસ મળી આવ્યા છે.

આજે નોંધાયેલ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લામાં આજે નવ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. શહેરમાં ૪ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

વરસાદી ઝાપટા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રોજબરોજ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. પરંતુ વરસાદ મનમુકીને વરસતો નથી જેના લીધે દિવસના આકરા તાપ અને સાંજના વાદળિયા વાતાવરણના અંતે વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ ચરમસીમાએ પહોંચે છે. આ સ્થિતિ વચ્ચે નગરજનો પણ આકરા બફારાથી બેચેની અનુભવી રહ્યા છે. સતત ભેજવાળા અને ભીંજારાના માહોલ વચ્ચે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો પુરતો વરસાદ થઇ ગયો છે. જયારે હવામાન તજજ્ઞોના મતે હજુ પણ સપ્ટેમ્બરના અંત સુધીમાં વરસાદી ઝાપટા યથાવત રહેશે અલબત્ત જયાં ચઢે ત્યાં પડે તેવી સ્થિતિ અત્યારે જોવા મળી રહી છે. આજે પણ સાંજના સમયે કેટલાક સેકટરોમાં વરસાદી ઝાપટુ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ડ્રગ્સ ઝપડાયું ● અનુસંધાન પહેલાનું ચાલુ

પર હલ્લાબોલ કર્યો હતો. અનેક એજન્સી સાથે મળી ગુજરાત પોલીસે ભારત-પાકિસ્તાન બોર્ડર પર ગોળીનો સામનો કરીને ડ્રગ્સ પકડવાની કામગીરી કરી છે. અનેક રાજ્યના ડ્રગ્સના નેટવર્ક તૂટવાને કારણે ગુજરાત પોલીસને બદનામ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. અનેક રાજનૈતિક સ્ટંટ કરવામાં આવ્યાં છે. જે લોકોએ મહેલોમાં જીવન ગુજાર્યું હોય, ક્યારેય જમીન પર ઊતર્યા ના હોય તે લોકો હવે ગુજરાત પોલીસને બદનામ કરી રહી છે. એવા સૌ લોકોને ગુજરાત એટીએસએ સણસણતો જવાબ આપ્યો છે.

તળિયે ● અનુસંધાન પહેલાનું ચાલુ

રિકવરી જોવા મળી છે. ઓગસ્ટ માસનો જથ્થાબંધ મોંઘવારી સૂચકાંક (ડબલ્યુપીઆઈ) ૧૨.૪૧ ટકાના દરે જોવા મળ્યો હતો, જે છેલ્લા ૧૧ મહિનાનું સૌથી નીચલું સ્તર છે. જુલાઈ મહિનામાં જથ્થાબંધ ફુગાવો ૧૩.૯૩ ટકા હતો, જ્યારે ઓગસ્ટ ૨૦૨૧માં તે ૧૧.૬૪ ટકા હતો.

જોકે ઓગસ્ટ ૨૦૨૨માં જથ્થાબંધ ફુગાવો સતત ૧૭મા મહિને ૧૦ ટકાથી ઉપર રહ્યો હતો. ઓગસ્ટમાં જથ્થાબંધ ફુગાવો ધારણા કરતા ઓછો રહ્યો છે. અંદાજ હતો કે ઓગસ્ટ ૨૦૨૨માં જથ્થાબંધ ફુગાવો ૧૩ ટકા પર રહી શકે છે.